મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં શાકભાજીના ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૨૪

ચોમાસુ આવતા જ ખેડૂતો દ્વારા શાકભાજીનું વાવેતર કરાતું હોય છે અને ખાસ બજારમાં લીલા શાકભાજીની માંગ વધી જતી હોય છે પરંતુ હજી પ્રમાણમાં વરસાદ ન પડતા શાકભાજીના ભાવ પર તેની અસર જોવા મળી રહી છે.

ચોમાસાની મોસમનો પ્રારંભ થઈ ગયો હોવા છતાં વરસાદ યોગ્ય પ્રમાણમાં ન આવતા વાવેતર ઓછું થતા શાકભાજીની શોર્ટેજ છે અને માંગ વધુ છે જેને લીધે શાકભાજીના ભાવમાં વધારો થયો છે તેમ શહેરના શાકભાજી વચનાર વેપારીએ જણાવ્યું હતું. તેમના મતે જે શાકની આવક ઓછી છે તેના ભાવ વધુ છે અને તે શાકબાજી જેટલું બજારમાં આવે તેટલું વેચાઈ જ જાય છે. શાકભાજીની આવક જેમ વધશે તેમ ભાવ પણ ઘટી જશે.

આ વર્ષે ટામેટા, ચોળી, ટિંટોળા, પરવર, તુરીયા, કોળી, રવૈયા, કંકોડા, ગુવાર જેવા અનેક શાકભાજીના ભાવમાં વધારો થતા ગૃહિણીઓ ચિંતિત જણાઈ રહી છે. હાલમાં તમામ શાકભાજી ૪૦ થી ૧૦૦ રૂપિયે કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. જેમાં કોબી અને ફલાવર નાસીક અને બેલગામથી આવે છે. ટામેટા બેંગ્લોર હરોલીથી અને વાલોર, ગાજર, સરગવો, બીટ, શીમલા મર્ચા મહારાષ્ટ્રના નાસિકથી શહેરમાં આવે છે. શાકભાજીના વધતા ભાવ અંગે ગૃહિણીઓના મત જાણીએ.

● કૈલાશબેન પટેલ :

લીલા શાકભાજીના ભાવ

ખરેખર વધી રહ્યા છે. દિવસે દિવસે ગૃહિણીઓને રોજીંદા ખર્ચાઓમાં પહોંચી વળાતુ નથી અને પરેશાની થઈ રહી છે. અમુક દિવસ તો કઠોળ ખાઈને જ ચલાવી લેવું પડે છે.

● હંસાબેન પ્રજાપતિ :

શાકભાજી મોંઘુ થતું જાય છે એટલે શાકભાજીનો વપરાશ

હવે તો ઓછો કરવો પડે છે. કિલો શાક જોઈતું હોય તો હવે અડધો કિલો જ શાક લઉં છું અને કરકસર કરું છું.

● સ્નેહા ચક્રવર્તી :

આ મોંઘવારીની તો મથામણ છે. આવરે વરસાદ ઢેબરીયો પરસાદ, ઉની ઉની રોટલીને કારેલાનું શાક, પણ કેમ

કરીને બનાવવું આ કારેલાનું શાક? જયાં પગાર વધે ૧ થી ૨ ટકા ને મોંઘવારી વધે ૫૦ ટકા આમાં સામાન્ય વર્ગ મુશ્કેલીમાં મુકાઈ જાય છે ગૃહિણીઓના તો બજેટ જ ખોરવાઈ જાય છે.

આમ માર્કેટમાં શાકભાજીના વધતા ભાવથી શાકભાજીની ખરીદીમાં ઘટાડો જણાઈ રહ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ શહેરની સે-૨૧ની માર્કેટમાં શાકભાજીની સામાન્ય ખરીદી થઈ રહી છે. મોંઘવારીને લીધે ગૃહણીઓ કઠોળ બનાવી કાં તો જેટલું જોઈએ તેનાથી અડધું શાક ખરીદી હાલ ચલાવી રહી છે.

શાક ભાવ (કિલોના રૂપિયામાં)

ટામેટા	૬૦	કારેલા	૪૦
ચોળી	૮૦	ભીંડા	૩૦
ટિંટોળા	૬૦	કાંકડી	૩૦
પરવર	૬૦	વાલોર	૮૦
તુરીયા	૬૦	સરગવો	૬૦
કોબી	૬૦	તાંદળજો	૩૦
ફુલાવર	૮૦	પાલક	૪૦
કંકોડા	૧૦૦	લીંબુ	૪૫
ગુવાર	૪૦	મરચા	૬૦
રવૈયા	૪૦	શીમલા	૬૦
ભટ્ટા	૩૦	મરચાં	
દુધી	૩૦	બટાકા	૨૦
પરવર	૪૦	ડુંગળી	૨૦

ભૂખ ના જુએ રોટલો ને ઊંઘ ના જુએ ઓટલો..!!

આપણે ત્યાં એક કહેવત છે કે "ભૂખ ના જુએ રોટલો અને ઊંઘ ના જુએ ઓટલો." જ્યારે માનવી ભૂખથી પિડીત હોય ત્યારે જે પણ ખોરાક મળે તે ખાઈ લેવા તૈયાર થઈ જાય છે તેજ રીતે જ્યારે થાક્યો-પાક્યો હોય અને આંખોમાં ઊંઘ ઘેરાય ત્યારે જ્યાં થોડી પણ અનુકૂળતા પ્રાપ્ત થાય ત્યાં

ઊંઘ ખેંચી લેવા પ્રયાસ કરતો હોય છે. આપણા રાજકીય નેતાઓ તો સંસદમાં, જાહેર સભામાં, વિધાનસભામાં કે અગત્યની મિટીંગમાં પણ ઝોકે ચડ્યાના કિસ્સા અઢળક છે. ગાંધીનગરમાં પથિકાશ્રમ એસ.ટી.ડેપો પાછળના સે. ૧૧ના આંતરિક માર્ગ પર બે વટેમાર્ગુઓ રોડ પર જ જે બેફિકરાઈથી સુઈ ગયા હતા તેને ત્યાંથી આવતા-જતા વાહનચાલકો અને રાહદારીઓ જોઈને અનોખી રમૂજ પામતા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર સમાજકાર્ય વિભાગમાં બાળસંરક્ષણ સમસ્યા અને સમાધાન વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. ક્રિસ્ટિનાબહેન પરમારે મહેમાનોનો શાબ્દિક આવકાર આપ્યો હતો. સેમિનારની પૂર્વભૂમિકા પ્રસ્તુત કરતા ડૉ. નિલેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે 'બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે. બાળકના ઉત્કૃષ્ટ વિકાસ થકી એક ઉન્નત સમાજના નિર્માણનું કાર્ય આપણે સૌએ ભેગા મળીને કરવાનું છે.' ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અને પૂર્વ એજીપી દુર્ગેશ એમ. ઈરેનપુરિયાએ બાળઅધિકાર, તેની સ્થિતિ અને સંભાવનાઓની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપી હતી. લીગલ કમ પ્રોબેશન ઓફિસર ગાયત્રીબહેન ઉપાધ્યાયે બાળસંરક્ષણના વૈધાનિક ઉપાયો વિશે ગહન અને ચિંતનાત્મક રજૂઆત કરી હતી. બાળકો માટે

ચાલતી હેલ્પલાઈન ૧૦૯૮ના પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર દિનેશભાઈ ભાભોર અને ફાલ્ગુનબહેને ચાઈલ્ડ હેલ્પલાઈનની કાર્યપ્રણાલી અને કાર્યક્ષેત્ર વિશેની વિસ્તૃત માહિતી આપી હતી. સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા લઘુનાટિકાની પ્રસ્તુતિ આપવામાં આવી હતી.

ચિલ્ડ્રન્સ યુનિ.ના મા.કુલપતિ હર્ષદભાઈ પ્ર. શાહે સમાપન સત્રમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું હતું કે, 'બાળક પરિવારમાં રહે છે માટે પરિવારની વ્યવસ્થા બાલકેન્દ્રિત હોવી જોઈએ. પરિવારમાં બાળકોને સંસ્કાર મળે તે માટે વાલી પ્રશિક્ષણ અતિ આવશ્યક છે. સમાજકાર્યના વિદ્યાર્થીઓ તરીકે તમારે બાળક, પરિવાર અને સમાજ કલ્યાણના અથાગ પ્રયત્નો કરવાના છે.' ચિલ્ડ્રન્સ યુનિ.ના સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓએ સેમિનાર સંદર્ભે જૂથ ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને સેમિનારના સર્ટીફિકેટ મા. કુલપતિશ્રીના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. સેમિનારની આભારવિધિ ડૉ. નીલેશભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી. સમિનારના સંયોજક ડૉ. નીલેશભાઈ પંડયા હતા. સેમિનારનું સંચાલન સમાજકાર્યની વિદ્યાર્થીની હુમાની સુથાર તથા રોશની ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

સે-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળાને પણ કોમ્પ્યુટર દાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની સરકારી શાળાઓમાં કોમ્પ્યુટરની અછતને અનુલક્ષીને પાટનગરના દાતાઓને કોમ્પ્યુટર દાન આપવા હાકલ કરી છે. આ

હાકલ-૧૧ અનુસંધાનમાં શહેરની વધુ એક શાળા સે-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળાને કોમ્પ્યુટર દાન પ્રાપ્ત થવા પામ્યું છે.

શહેરના સે-૨૮માં સરકારી પ્રાથમિક શાળા સે-૨૮/૧ને રજવાડી ભોજનાલયના ભરતસિંહ વાઘેલા તથા કમલેશસિંહ વાઘેલા દ્વારા કોમ્પ્યુટરનું દાન આપવામાં આવ્યું છે. કોમ્પ્યુટર દાન મળવાને કારણે આ શાળામાં અભ્યાસ કરતા જરૂરીયાતમંદ વર્ગના બાળકોને સમય સાથે તાલ મિલાવીને પોતાની ક્ષમતાને વિકસાવવાની તક મળશે. આપણું ફાઉન્ડેશન દ્વારા હજુ પણ શહેરની અન્ય સરકારી પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટરની જરૂરિયાત ઉભી હોવાથી શહેરના દાતાઓને નવા અથવા જુના પરંતુ ચાલુ હાલતમાં હોય તેવા કોમ્પ્યુટરનું દાન આપવા હાકલ કરી છે.

ગુજરાતના પ્રથમ બાલયોગી દિંગબર સંત આચાર્યશ્રી ધન્યસાગરજી મહારાજની ચાતુર્માસ કલશ સ્થાપના

ગાંધીનગર, તા.૨૪

શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર સેક્ટર-૨૧માં ગુજરાતના પ્રથમ બાલયોગી દિંગબર સંત આચાર્યશ્રી ધન્યસાગરજી મહારાજની ચાતુર્માસ કલશ સ્થાપના કાર્યક્રમ સાદગી પણ હર્ષોલ્લાસ સાથે સમ્પન્ન થયો. કાર્યક્રમમાં પેથાપુર, ગાંધીનગર, અમદાવાદ સિવાય બહારના ધર્મપ્રેમી શ્રાવકો હાજર રહ્યા હતા.

સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન અને સમ્યક ચારિત્ર આ ત્રણ કલશ થકી ગુજરાતના પાટનગર અને ધર્મ નગરીમાં આચાર્યશ્રી ધન્યસાગરજીના પાવન ચાતુર્માસની વિધિવત સ્થાપના થઈ. પ્રથમ કલશ લેવાનો સૌભાગ્ય ગાંધીનગરના ડૉ. પોપલલાલ કચરાલાલ શાહ પરિવારે મેળવ્યો હતો જયારે બીજો કલશ પ્રવીનચંદ્ર દોષી અને ત્રીજો કલશ નરેશભાઈ મીઠીલાલ શાહે લીધો હતો.

આચાર્યશ્રીએ પ્રવચન આપતા કહ્યુ કે ચાતુર્માસ સાધુ સંતો માટે આત્મ-સાધનાનો સમય છે. જીવ હિંસા ના થાય તેથી સાધુઓ આગમ પ્રમાણે વિહાર કરતા નથી અને એક જ સ્થાને રહીને તપ આરાધના કરતા હોય છે. સમાજમાં પણ ધર્મ પ્રભાવના થાય છે અને શ્રાવકો પણ પૂર્ણ શ્રદ્ધા ભાવ સાથે પ્રભુની આરાધના અને આત્મકલ્યાણના

માર્ગે લાગી જાય છે. તેમણે કહ્યુ કે શ્રાવકોએ દૃઢતા સાથે ષટઆવશ્યકોનું પાલન કરવું જોઈએ. જેન કે રાત્રિ ભોજનનો ત્યાગ શ્રાવકનો ધર્મ તો છે જ પણ આરોગ્ય માટે પણ એટલું જ અગત્યનું છે. બાહ્ય તપ સાધના-આરાધના સાથે અંતરંગ તપ ખૂબ જ જરૂરી છે ક્રોધ માન માયા લોભ કષાયો ઉપર અંકુશ અને સંયમમય જીવનની સાધના જીવનને ઉપર ઉઠાવે છે પરમ સિદ્ધિના માર્ગ સુધી પહોંચાડે છે. ચાતુર્માસ દરમ્યાન આચાર્યશ્રીની અણૃતવાણીનો લાભ શ્રાવકોને સતત મળતો રહશે એવી મંગલ ભાવના.

સરઢવના આધેડે ઝેરી દવા પી જતા મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામના વેચાતજી કાનાજી ઠાકોરે ઉં.વ.૫૭ આજે બપોરના સુમારે કોઈ કારણોસર ખેતરમાં ઝેરી દવા પી જતા તેઓને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના ડોકટરે તેઓને ૩.૪૫ કલાકે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી તપાસ શરુ કરી છે.

સે-૩-એ ન્યુમાં ગટર લાઈન ચોકઅપ થવાથી રહેવાસીઓ પરેશાન

ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટરોમાં ઘણા સમયથી પાણી અને ગટર બાબતની ફરિયાદ વધી રહી છે ત્યારે સે-૩-એ ન્યુમાં છેલ્લા ઘણા દિવસોથી ગટરોની યોગ્ય રીતે સાફ સફાઈ ન થવાથી ગટર લાઈન ચોકઅપ થઈ ગઈ છે. જેને લીધે ગટરના દુર્ગંધ યુકત ગંદા પાણી બેકઅપ મારી રહ્યા છે જેને લીધે રહીશો હેરાન છે. સેકટરના રહેવાસીઓ દ્વારા વારંવાર ફરિયાદ કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નથી જો હવે આ અંગે કોઈ પગલાં નહિ લેવાય તો રોગચાળો ફેલાવવાની પુરેપુરી શકયતા જણાઈ રહી છે.

સે-૩-એ ન્યુમાં છેલ્લા બે મહિનાથી ગટર લાઈન ચોકઅપ થઈ ગઈ છે. સમયાંતરે સફાઈ ન થતા પરિસ્થિતિનું નિર્માણ થયું હોવાનું જણાઈ રહ્યું છે. ગટરો ચોકઅપ થવાથી ગટરના દુર્ગંધ યુકત ગંદા પાણી બેકઅપ મારતા સ્થાનિક રહીશો ત્રસ્ત થઈ ગયા છે. સેકટરના વસાહતીઓ દ્વારા સે-૩ ડ્રેનેજ ઈન્ક્વાયરીમાં વારંવાર રજુઆત કરવામાં આવી હતી પરંતુ પૂરતા સાધનોના અભાવને કારણે કામગીરી થઈ શકી ન હતી. ત્યારબાદ સ્થાનિકો દ્વારા સે-૧૬ ઓફિસમાં ફરિયાદ કરી હતી ત્યાંથી પણ યોગ્ય જવાબ ન મળતા સ્થાનિકો રોગચાળાનો સામનો કરી રહ્યા છે. જલ્દીથી જ આ સમસ્યાનો નિકાલ આવે તે અંગે માંગ ઉઠવા પામી છે.

@ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન મયુરપંખના હિંડોળના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિરમાં સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન મૃદ્‌લેખીનીના કલાત્મક હિંડોળા યોજાશે.

● નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સવારે ૭ થી ૧૨ આર.જી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩ ખાતે નેશનલ સાયન્સ સેમિનાર યોજાશે.

વાવોલની સરકારી શાળામાં વનશ્રી ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટના સ્વયંસેવક ઉત્સવ પરમારના જન્મદિવસની ઉજવણી રૂપે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ઉત્સવભાઈ દ્વારા શાળાના કુલ ૪૦૦ બાળકોને પેન્સિલ, રબર અને સંચાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે વનશ્રી ટ્રસ્ટ તરફથી ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પરીવારજનો સાથે શાળાના આચાર્ય દક્ષાબેન મકવાણા અને વનશ્રી ટ્રસ્ટના અંજનાબેન દ્વારા તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉત્કર્ષ ગુપ્તા અને ચિન્ટુબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

મોબાઈલમાં આવેલી લીંક ઓપન કરતા જ ખાતામાંથી રૂ.૧,૨૧,૯૯૯ ઉપડી ગયા

ગાંધીનગર, તા.૨૪

આજના આધુનિક અને ઝડપી યુગમાં બધુ આંગળીના ટેરવે છે. બેંકો સહિત સઘળા આર્થિક વ્યવહારનો ટ્રેન્ડ પણ બદલાયો છે. આંખના પલકારામાં જ આર્થિક લેવડ-દેવડ ઈ-બેન્કીંગના માધ્યમથી થઈ જાય છે. પરંતુ ડીજીટલ યુગ તરફ આગળ વધતા બેકીંગ ક્ષેત્રે નાણાકીય સલામતીને અનુલક્ષીને પણ અનેક સવાલો હજુ મંડરાયેલા છે. બીજીતરફ વધતા ઓનલાઈન ટ્રાન્ઝેકશન વચ્ચે સાઈબર ક્રાઈમના ગુનાઓ પણ વધી રહ્યા છે. ગાંધીનગરના એક નાગરીક આવા જ સાઈબર ક્રાઈમનો ભોગ બન્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના એક નાગરીકે દસ દિવસ અગાઉ બપોરના સુમારે બહારગામ ફરવા જવાનું હોવાથી મેક માય ટ્રીપ કસ્ટમર કેરનો નંબર નેટ પરથી સર્ચ કરતા ૦૬૨૮૯૭૮૫૦૫૯ અને ૭૭૧૭૭૫૬૩૯૩ નંબર મળ્યો હતો. આ નંબર પર કોલ કરીને નાગરીકે વાત કરતા સામે વ્યકિતએ પોતાનું નામ દિપક શર્મા કહ્યું હતું અને હોટલ બુકીંગની સગવડતા માટે મેમ્બરશીપ કે જેના માટે રૂ.૩૫ વાર્ષિક ફી પેટે ભરવા પડશે તેમ જણાવી યુવકે ચાલુ કોલમાં એક લીંક મોકલી હતી અને તેને ઓપન કરીને વિગતમાં નામ અને રૂપીયા ૩૫ તેમજ યુપીઆઈ પીનની વિગત ભરતા જ ગણતરીની મિનિટમાં જ નાગરીકના એચડીએફસી અને બેંક ઓફ બરોડા બેકમાંથી કુલ રૂ.૧,૨૧,૯૯૯ ઉપડી ગયા હતા. નાગરીકે તાત્કાલીક ફોન દરમિયાન જ રૂપીયા ઉપડ્યાનો મેસેજ આવતા તાત્કાલીક બેંકને જાણ કરી પેમેન્ટ અટકાવવા માટે જાણ કરી હતી. પરંતુ તે પહેલા એચડીએફસી બેંકમાંથી રૂ.૨૫,૦૦૦ હજારના ત્રણ ટ્રાન્ઝેકશન થયા હતા. તો બેંક ઓફ બરોડામાંથી એક ટ્રાન્ઝેકશન રૂ.૧૦,૦૦૦, બીજુ ૧૯,૯૯૯ અને ત્રીજુ ૧૭,૦૦૦નું ટ્રાન્ઝેકશન થયું હતું. નાગરીકના ગણતરીની મિનીટમાં જ રૂ. ૧,૨૧,૯૯૯ જતા રહ્યા હતા. ત્યારે સરકાર તમામ ક્ષેત્રમાં ડીજીટલની વાતો કરી રહી છે ત્યારે સામાન્ય નાગરીકો સાઈબર ક્રાઈમનો ભોગ બને છે. સાઈબર ક્રાઈમના ગુનેગારો બેફામ બનતા જાય છે અને સામાન્ય નાગરીકોને પોતાનો શિકાર બનાવે છે. ત્યારે આ નાગરીકે પણ શહેરના સેકટર-૨૭ માં સાઈબર ક્રાઈમમાં ફરીયાદ આપતા પોલીસ તપાસ શરૂ કરી છે.

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની સાધારણ સભા ૨૭મીએ

ગાંધીનગર, તા.૨૪

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા માર્ચ અંતિતની તા. ૨૭મી જુલાઈને બપોરના સાડા ત્રણ વાગે મહિલા ટ્રસ્ટની ઓફિસે પ્લોટ નં. ૧૭૫૭/૨ સેકટર-૨-ડી ખાતે યોજાશે. મહિલા ટ્રસ્ટના તમામ આજીવન સભાસદોને હાજર રહેવા જણાવાયું છે. તથા વધુ માહિતી માટે પ્રમુખ ગોમતીબેન કનુભાઈ પરમાર મો. ૯૪૨૬૮૯૮૧૯૯ પર સંપર્ક સાધવા જણાવાયું છે.